ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

‘બુકે નહીં બુક’ના સૂત્રો વચ્ચે ચાર મહિનાથી પુસ્તકાલય બંધ હોવાથી વાંચકોની મુશ્કેલી વધી

આણંદમાં એક લાખથી વધુ પુસ્તકો રળઝતાં મુકાયાં



સાર્વજનિક પુસ્તકાલય રીપેરીંગના બહાને અમૂલ્ય પુસ્તકોને પતરાના શેડ નીચે ભંગારની જેમ ખડકી દેવાયા

(પ્રતિનિધિ) આણંદ તા.16

કરમસદ - આણંદ મનપાનો બેજવાબદાર વહીવટનો એક જીવંત નમૂનો શહેરના મુખ્ય ‘સાર્વજનિક પુસ્તકાલય’ના પુસ્તકોની હાલત જોઈને જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર મહિનાથી પુસ્તકાલય બંધ હોવાને કારણે સેંકડો વાંચક વર્ગને પરાવાર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એક તરફ રાજ્યમાં ‘બુકે નહીં પણ બુક’નો ઉચ્ચ વિચાર વહેતો કરવામાં આવ્યો છે, ત્યારે બીજી તરફ મનપાએ નહેરૂબાગમાં ખસેડેલી કામચલાઉ પુસ્તકાલયમાં પુસ્તકોને રફેદફે મુકવામાં આવ્યાં છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા 18મી સપ્ટેમ્બરના રોજ પુસ્તકાલયનું બિલ્ડીંગ જર્જરિત હોવાનું જણાવી તેને ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હતી. જેથી પુસ્તકાલયનું રીપેરીંગ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી નેહરુબાગ પાસેના સ્વાસ્થ્ય કેન્દ્ર પાસેનું મકાન ફાળવવામાં આવ્યું હતું. પરંતુ આ વૈકલ્પિક જગ્યા સાર્વજનિક પુસ્તકાલય માટે બિલકુલ અયોગ્ય સાબિત થઈ છે. જે હોલ ફાળવાયો છે તે એટલો નાનો છે કે ત્યાં પુસ્તકોના કબાટો પણ સમાઈ શકતા નથી, પરિણામે કિંમતી પુસ્તકોને પતરાના શેડ નીચે કચરાના ઢગલાની જેમ ખડકી દેવામાં આવ્યા છે,. નવા મકાનમાં પીવાના પાણીની કોઈ સગવડ નથી અને શૌચાલયો અત્યંત ગંદી હાલતમાં હોવાથી તેનો ઉપયોગ અશક્ય છે.

નવાઈની વાત તો એ છે કે, પુસ્તકાલયનું મૂળ ભવન મનપાની કચેરીને અડીને જ આવેલું હોવા છતાં, સત્તાધીશોને આ ગંભીર સ્થિતિ દેખાતી નથી. પુસ્તકાલયના વહીવટકર્તાઓ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં અનેકવાર લેખિત, મૌખિક અને ટેલિફોનિક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ જવાબદાર અધિકારીઓ ફોન ઉપાડવાની પણ તસ્દી લેતા નથી,. ચાર મહિના વીતી ગયા હોવા છતાં જૂના બિલ્ડીંગમાં રીપેરીંગની એક ઈંટ પણ હલી નથી, જે પાલિકાની કામ કરવાની દાનત પર સવાલો ઉભા કરે છે.

આ પુસ્તકાલયમાં માત્ર વાંચકો જ નહીં, પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા અસંખ્ય વિદ્યાર્થીઓ દરરોજ અભ્યાસ માટે આવતા હોય છે. પુસ્તકાલય બંધ થવાથી તેમનું વાંચન ખોરવાયું છે. જો પાલિકા તંત્ર વહેલી તકે આ મામલે જાગૃત નહીં થાય અને પુસ્તકાલયને યોગ્ય સુવિધા સાથે શરૂ નહીં કરે, તો આણંદના શૈક્ષણિક વારસા સમાન આ એક લાખથી વધુ પુસ્તકો પસ્તી બની જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

નડિયાદના મોટા કુંભનાથ અને સલુણના અંબે માતા મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

નડિયાદના મંદિરોમાં ચોરી કરનારો પકડાયો

પોલીસે 150 સીસીટીવી ફુટેજ આરોપીને દબોચ્યો

તસ્કર 13 કિલો ચાંદીના દાગીના સાથે ઝડપાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

નડિયાદ શહેરના સુપ્રસિદ્ધ મોટા કુંભનાથ મહાદેવ મંદિર અને તાલુકાના સલુણ ગામે આવેલા અંબે માતાના મંદિરમાં તસ્કરોએ તરખાટ મચાવી લાખોની મત્તા ચોરી કરી હતી. આ ગંભીર બનાવોને પગલે ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને નડિયાદ ટાઉન પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે 13 કિલો ચાંદી અને સોનાના ગિલેટ વાળા દાગીના સાથે એક રીઢા તસ્કરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સલુણના અંબે માતા મંદિરમાં 8 જાન્યુઆરીના રોજ અને નડિયાદના મોટા કુંભનાથ મંદિરમાં 14 જાન્યુઆરીના રોજ ચોરીના બનાવો બન્યા હતા, જેમાં તસ્કરો ગર્ભગૃહના તાળા તોડી માતાજીના આભૂષણો અને પૂજાના સાધનો ચોરી ગયા હતા. આમ, એક જ સપ્તાહમાં બે ધાર્મિક સ્થળો નિશાન બનતા જીલ્લા પોલીસ વડાએ લોકલ ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસની સાત અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસે ઘટના સ્થળની આસપાસના 150 થી વધુ સીસીટીવી કેમેરા, નેત્રમ પ્રોજેક્ટના ફૂટેજ અને ‘ઈ-ગુજકોપ’ પોર્ટલની મદદથી શંકાસ્પદોની યાદી તૈયાર કરી હતી. આખરે હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે નડિયાદના ખાડ વાઘરીવાસમાં રહેતા વિનોદ ઉર્ફે વિનુ તળપદાને સફેદ એક્ટીવા પર ચોરીનો સામાન લઈને આવતા કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જ પોલીસે વિનુ પાસેથી 2.14 લાખની ચાંદીની નાગ દેવતાની મૂર્તિ, મુગટ અને છત્તર સહિતનો તમામ મુદ્દામાલ રિકવર કર્યો છે. તપાસમાં એ પણ ખુલ્યું છે કે આરોપીએ ઉપયોગમાં લીધેલું એક્ટીવા પણ 12 જાન્યુઆરીના રોજ નડિયાદમાંથી જ ચોર્યું હતું. જે અંગે પોલીસ અલગથી કાર્યવાહી કરશે.

અગાઉ 12 ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે

ઝડપાયેલો 48 વર્ષીય વિનોદ ઉર્ફે વિનુ મનુભાઈ તળપદા રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ મહેમદાવાદ, નડિયાદ, ખેડા અને અમદાવાદના વિવિધ પોલીસ મથકોમાં પ્રોહીબીશન, જુગાર, રાયોટીંગ અને ચોરી સહિતના કુલ 12 ગુનાઓ નોંધાઈ ચુક્યા છે. અગાઉ તેની અસામાજિક પ્રવૃત્તિઓને કારણે તેને પાસા (PASA) હેઠળ જેલમાં પણ ધકેલવામાં આવ્યો હતો.

તસ્કર પાસેથી જંગી મુદ્દામાલ કબજે કર્યો

- સાત કિલો 140 ગ્રામની ચાંદીની નાગ દેવતાની મૂર્તિ.
- બે કિલો ચાંદીની ગાગર, પગરખાં, છત્તર અને ત્રિશૂળના ટુકડા.
- સોનાનો ગિલેટ ચઢાવેલ મુગટ અને કાનની બુટ્ટીઓ.
- સલુણ મંદિરમાંથી ચોરાયેલી 1.90 લાખની મત્તા.

હાથમાં દારૂની બોટલ લઈ ધાબા પર નાચતા યુવકનો વીડિયો વાયરલ

નડિયાદ કપડવંજ રોડ પર આવેલા જલારામ નગર વિસ્તારમાં ઉત્તરાયણની ઉજવણી દરમિયાન એક યુવક હાથમાં દારૂની બોટલ સાથે ધાબાની પાળીએ નાચતો હોવાનો વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં યુવક નશાની હાલતમાં હોય તેમ સ્પષ્ટ જણાઈ આવતું હતું. રહેણાંક વિસ્તારમાં અને જાહેરમાં આ પ્રકારનું કૃત્ય થતું હોવાથી સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી આ વિડીયો પોલીસ અધિકારીઓ સુધી પહોંચ્યો હતો. નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એચ. વાઘેલાએ આ બનાવ અંગે જણાવ્યું હતું કે વાયરલ વીડિયોના આધારે તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આ યુવક મંજીપુરા વિસ્તારના આદિત્યનગર ફાટક પાસે રહેતો હર્ષ સોલંકી છે. જેની ખરાઈ કર્યા બાદ પોલીસની ટીમે તેની અટકાયત કરી હતી. પોલીસે યુવક વિરુદ્ધ જરૂરી કાર્યવાહી કરી હતી અને ભવિષ્યમાં આવા કૃત્ય ન કરવા અંગે તાકીદ કરી હતી. તેમજ યુવક પાસે આ વર્તન બદલ માફી મંગાવવામાં આવી હતી. પોલીસે આ કિસ્સામાં પ્રોહિબિશન સહિતના અન્ય કાયદાકીય પાસાઓ તપાસી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કડાણામાં બંધ મકાનમાંથી 2.87 લાખની મત્તા ચોરાઈ

ખેતરમાં ઊંઘવા ગયેલા પરિવારના ઘરના તાળા તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની તફડંચી

(પ્રતિનિધિ) કડાણા તા.16

કડાણા તાલુકાના ડાયાપુર ગામે તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી તરખાટ મચાવ્યો હતો. તસ્કરો ઘરનું તાળું તોડી તિજોરી અને અનાજના પીપડામાં રાખેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ. 2.87 લાખની મત્તા ચોરીને રફુચક્કર થઈ ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડાયાપુરના રહીશ સોનલબેન જગદીશભાઈ ડિંડોર અને તેમનો પરિવાર 14મી જાન્યુઆરીના રોજ રાત્રે જમી પરવારીને સાસુ-સસરાના ઘરે ગયા હતા. ત્યાં બાળકોને સુવડાવીને સોનલબેન અને તેમના પતિ મકાઈના ખેતરમાં રખવાળું કરવા માટે ઊંઘવા ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે ઘરનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું અને અંદર સામાન વેરવિખેર પડ્યો હતો.

આ ગાળામાં તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી વચલા રૂમમાં મુકેલી તિજોરી તોડી નાખી હતી. આટલું જ નહીં, તિજોરીની બાજુમાં મુકેલા પીપડામાં તપાસ કરી તેમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. આમ, કુલ રૂ. 2.87 લાખની ચોરી કરીને તસ્કરો પલાયન થઈ ગયા છે. આ બનાવ અંગે સોનલબેને અજાણ્યા તસ્કરો વિરુદ્ધ કડાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખંભાતમાં આવતીકાલે દરિયાઈ ઉત્તરાયણની ઉજવણી કરાશે

રાજ્યભરના પતંગ રસિયાઓ અવનવી પતંગોનો આકાશી નજારો માણવા ખંભાતના દરિયાકિનારે ઉમટશે

ફાઈલ ફોટો

(પ્રતિનિધિ) ખંભાત તા 16

ખંભાતમાં ઉતરાયણ અને વાસી ઉતરાયણ બાદ દરિયાઈ ઉત્તરાયણનો મહિમા અનેરો છે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પછીનો પ્રથમ રવિવાર ખંભાતના લોકો દરિયાઈ ઉત્તરાયણ તરીકે માણે છે. આ દિવસે રાજ્યભરમાંથી પતંગ રસિયાઓ ખંભાતના દરિયા કિનારે પોતાની આગવી શૈલીથી અવનવી પતંગો ચગાવી અનોખા તહેવારની મોજ માણે છે. આવતીકાલે રવિવારના રોજ ખંભાતમાં રાજ્યભરમાંથી પતંગ રસિયાઓ પતંગોત્સવ માટે દરિયા કિનારે ઉમટશે.

ખંભાતના નગરજનોના જણાવ્યા મુજબ પતંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોએ તૈયાર કરેલી મોટી મોટી પતંગો તેઓ દરિયા કિનારે ખુલ્લામાં ઉડાડે છે. આ ઉપરાંત દેશ વિદેશમાંથી પણ માદરે વતન ખંભાતમાં ઉતરાયણ વાસી ઉતરાયણ ની ઉજવણી માટે આવતા પરિવારો પણ દરિયાઈ ઉતરાયણ ની મોજ માણીને વિદેશ પરત ફરે છે. દરિયાકિનારે ખાણીપીણી સાથે ડી.જે.ના તાલે દરિયાઈ ઉતરાયણ ની ઉજવણી માણવામાં આવે છે.

ખંભાતના દરિયા કિનારે ખાણીપીણી સાથે ડીજેના તાલે ઉતરાયણનો આનંદ માણવામાં આવે છે ખંભાતમાં એક સપ્તાહ પહેલાં દરિયાઈ ઉત્તરાયણના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે . આ ઉપરાંત કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ફાયર બ્રિગેડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. દરિયા કિનારે જવાના માર્ગ નિર્માણનું કાર્ય પણ સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવ્યું છે.

પોલીસના સુત્રોએ જણાવ્યું હતું કે રાધારીના ડંકાથી શરૂ કરી મીઠાના અગરો સુધીના વિશાળ પટમાં પતંગ રશિયાઓ પતંગ ઉડાડશે. રાજ્યભરમાંથી પતંગ રસિયાઓ સહ પરિવાર દરિયાઈ ઉત્તરાયણની ઉજવણી માટે આવશે . દરિયાઈ ઉત્તરાયણને પગલે શનિવારે સાંજથી જ દરિયા કિનારાના વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે.

ઓડ પાસે ₹43.45 લાખનો દારૂ ભરેલી મિનીટ્રક ઝબ્બે

ડુંગળીની આડમાં મિનીટ્રકમાં લવાતો દારૂ પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.16

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ઓડ રૂપેણ તલાવડી પાસે આવેલા ખેતરમાં ચાલતા વિદેશી દારૂના કટિંગના ગોરખધંધા પર ત્રાટકીને 43.45 લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડી પાડ્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે ઓડ ગામની સીમમાં હિતેશભાઈ ભીખુભાઈ પટેલની વાડીમાં વિદેશી દારૂનું કટિંગ થઈ રહ્યું છે. પોલીસ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે ડુંગળીની આડમાં વિદેશી દારૂ ભરેલી એક આઈસર ટ્રકમાંથી દારૂનો જથ્થો વર્ના, સેલ્ટોસ અને સ્વીફ્ટ જેવી ગાડીઓમાં ભરાઈ રહ્યો હતો. પોલીસને જોઈને બુટલેગરોએ ભાગાભાગી કરી હતી, જેમાં પાંચ શખ્સો ઝડપાઈ ગયા હતા, જ્યારે અન્ય ચાર અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

પૂછપરછમાં સાવલીના વિનોદ ઉર્ફે વિનુ માળીએ ખેતર પાંચ હજાર ભાડે રાખી દારૂ ઉતારવાનું આયોજન કર્યું હતું. આ દારૂ મહારાષ્ટ્રના ધુલિયા ખાતેથી ડુંગળીની આડમાં ભરીને વડોદરા લઈ જવાનો હતો. તપાસમાં ગોધરાના રમેશ વણકર નામના શખ્સે આ જથ્થો મોકલ્યો હોવાનું પણ બહાર આવ્યું છે. આ મામલે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં કુલ 11 જેટલા ગુનાખોરો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળેથી વિદેશી દારૂ અને બિયરના કુલ 16,139 ટીન/બોટલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં 61 પક્ષી અને 2 પશુને નવજીવન મળ્યું

ઉતરાયણ પર્વ દરમિયાન 13 ટીમો દ્વારા ઘવાયેલા અબોલ જીવોની તાત્કાલિક સારવાર

સૌથી વધુ 43 કબૂતરો દોરીથી ઘવાયા, 5 પક્ષીઓના મોત

(પ્રતિનિધિ) આણંદ તા.16

રાજ્ય સરકાર દ્વારા પશુ-પક્ષીઓ માટે શરૂ કરવામાં આવેલું ‘કરુણા અભિયાન’ આણંદ જિલ્લામાં આશીર્વાદરૂપ સાબિત થયું છે. ઉતરાયણના પર્વ દરમિયાન આકાશમાં ઉડતી પતંગોની કાતિલ દોરીથી ઘવાયેલા કુલ 61 પક્ષી અને 2 પશુને વન વિભાગ અને પશુપાલન વિભાગની 13 ટીમો દ્વારા તાત્કાલિક ધોરણે સારવાર આપી બચાવી લેવામાં આવ્યા છે.

ખંભાત તાલુકો પક્ષીઓના ઈજાગ્રસ્ત થવામાં મોખરે જિલ્લામાં પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓમાં સૌથી વધુ 43 કબૂતરોનો સમાવેશ થાય છે. આ સિવાય 4 પોપટ, 2 બ્લેક આઈબીસ, 3 મોટા બગલા, 3 સમડી, 3 તેતર, 1 બતક અને અન્ય 2 પક્ષીઓને પશુપાલન વિભાગની ટીમોએ સારવાર આપી હતી. સમગ્ર જિલ્લામાં ખંભાત તાલુકામાં સૌથી વધુ 27 પક્ષીઓ પતંગના દોરાથી ઘવાયા હતા, જેમને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી. જોકે, પશુપાલન અધિકારીના જણાવ્યા અનુસાર, સારવાર દરમિયાન 5 પક્ષીઓના કમનસીબ મૃત્યુ નીપજ્યા હતા.

કરુણા અભિયાન અંતર્ગત માત્ર પક્ષીઓ જ નહીં, પણ પશુઓની પણ દરકાર લેવામાં આવી હતી. પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થયેલા એક વાંદરાને પશુપાલન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક સારવાર અપાઈ હતી. આ ઉપરાંત, ઉતરાયણના પર્વ દરમિયાન વધુ પડતો ઘાસચારો ખાવાને કારણે એક ગાયની તબિયત લથડતા તેને પણ સમયસર સારવાર આપી બચાવી લેવાઈ હતી. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના આ અભિયાન હેઠળ દરેક તાલુકામાં કાર્યરત ટીમો દ્વારા પશુ-પક્ષીઓને ત્વરિત સારવાર પૂરી પાડીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં ગત વરસોમાં પણ કરૂણા અભિયાનમાં પક્ષીઓને નવજીવન મળ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225